# A P P E N D I X   I

*
*
*
***

DESAI - BHATT GROUP TEST OF INTELLIGENCE ( By Dr.K.G. Desai and Dr.(Ku.) Champa L. Bhatt.

# દેસાઇ-ભટ્ટ સમૂહ બુદ્ધિ કસોટી

: પ્રયોજકો :

ડૉ. કૃષ્ણકાન્ત ગો. દેસાઈ, એમ. એ., એમ. એડ્., પીએચ. ડી.
ડૉ. ચંપા લ. ભટ્ટ, એમ. એ., એમ. એડ્., પીએચ. ડી.

**સૂચના:** આ પુસ્તિકામાં કોઈ પણ જગ્યાએ કંઈ પણ લખવું નહિ, તેમ જ કોઈ પ્રકારની નિશાની કરવી નહિ. ઉત્તરો જુદા ઉત્તરપત્રમાં લખવાના છે.

### મહાવરા કસોટી

દરેક પ્રશ્ન વાંચો અને આપેલા ઉત્તરોમાંથી જે ઉત્તર સાચો હોય તેનો અનુક્રમ દર્શાવતા અક્ષર આસપાસ **ઉત્તરપત્ર**માં ગોળ કૂંડાળું કરો.

૧. આ વાક્યનો છેલ્લો શબ્દ કયો છે?
(ક) આ (ખ) શબ્દ (ગ) છે (ઘ) છેલ્લો

૨. **ઊંચું**થી ઊલટું શું?
(ક) નીચું (ખ) લાંબું (ગ) પહોળું (ઘ) ટૂંકું

૩. છે બરફના પાણી કરતાં હોય ભારે—આ શબ્દો યોગ્ય રીતે ગોઠવી વાક્ય બનાવો. એ વાક્યનો અર્થ સાચો છે?
(ક) હા (ખ) ના (ગ) હશે

૪. મોગરો, ગુલાબ, બારમાસી—એમના વર્ગનો શબ્દ નીચેનામાંથી કયો છે?
(ક) છોડ (ખ) મૂળ (ગ) હાર (ઘ) કમળ

૫. (૧) આંધળામાં કાણો રાજા.
(૨) છે આંધળો ને નામ નયનસુખ.
(૩) ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન.
ઉપરની કહેવતોમાંથી કઈ કહેવતોના અર્થ સરખા છે?
(ક) ત્રણેના (ખ) ૧ અને ૨ ના (ગ) ૨ અને ૩ ના (ઘ) ૧ અને ૩ ના (ચ) બધીના અર્થ જુદા છે.

૬. નીચેના ક્રમમાં હવે પછી કઈ સંખ્યા આવશે?
૫, ૭, ૯, ૧૧
(ક) ૧૫ (ખ) ૧૭ (ગ) ૧૦ (ઘ) ૧૩

૭. **મીઠું** અને **ખારાશ** વચ્ચે જેવો સંબંધ છે, તેવો જ સંબંધ **ખાંડ** અને કોની વચ્ચે હશે?
(ક) મીઠાશ (ખ) તીખાશ (ગ) ગોળ (ઘ) કડવાશ

૮. નીચેનાંમાંથી કોણ બીજાં બધાંથી જુદું પડે છે?
(ક) ઘોડો (ખ) ગાય (ગ) આખલો (ઘ) ગધેડો (ચ) પાડો

૯. જ્યોતિ પાસે દીપા કરતાં ૫ રૂપિયા વધારે છે. જો બંનેના મળી ૨૫ રૂપિયા હોય તો દીપા પાસે કેટલા રૂપિયા હશે?
(ક) ૨૦ (ખ) ૫ (ગ) ૧૫ (ઘ) ૧૦

૧૦. અનિલ સુમનનો ભાઈ છે પણ સુમન અનિલનો ભાઈ નથી. તો તે બે વચ્ચે શી સગાઈ હશે?
(ક) ભાઈભાઈ (ખ) ભાઈબહેન (ગ) પિતરાઈ ભાઈઓ (ઘ) મસિયાઈ ભાઈઓ

અહીં અટકી જાઓ. કહેવામાં આવે નહિ ત્યાં સુધી પાનું ફેરવશો નહિ.

## કસોટી પ્રશ્નો

૧૧. **કરમસદ** શબ્દના અક્ષરોમાંથી કયો શબ્દ **નહિ** બની શકે?

(ક) કમર (ખ) રકમ (ગ) શરદ (ઘ) સમર

૧૨. **અધૂરું**થી ઊલટું શું?

(ક) પૂરું (ખ) રોકડું (ગ) બધું (ઘ) ઘણું

૧૩. ઘાસ બહુ સિંહને ભાવે—આ શબ્દોને યોગ્ય રીતે ગોઠવતાં બનતા વાક્યનો અર્થ સાચો છે?

(ક) હા (ખ) ના (ગ) હશે

૧૪. દૈનિક, માસિક, અઠવાડિક—એમના વર્ગનો શબ્દ નીચેનામાંથી કયો છે?

(ક) વાર્ષિક (ખ) ધનિક (ગ) ઐતિહાસિક (ઘ) રસિક

૧૫. (૧) ઘડો તેવી ઠીકરી.

(૨) અધૂરો ઘડો છલકાય.

(૩) ખાલી ચણો વાગે ઘણો.

ઉપરની કહેવતોમાંથી કોના કોના અર્થ સરખા છે?

(ક) ત્રણેના (ખ) ૧ અને ૨ ના (ગ) ૨ અને ૩ ના (ઘ) ૧ અને ૩ ના (ચ) બધીના અર્થ જુદા છે.

૧૬. નીચેના ક્રમમાં હવે પછી શું આવશે?

૬૪, ૩૨, ૧૬, ૮

(ક) ૨ (ખ) ૧૬ (ગ) ૧૦ (ઘ) ૪

૧૭. **ભૂખ** અને **ખોરાક** વચ્ચે જેવો સંબંધ છે તેવો જ સંબંધ **તરસ** અને કોની વચ્ચે હશે?

(ક) દૂધ (ખ) પાણી (ગ) ચા (ઘ) શરબત

૧૮. નીચેનાંમાંથી કોણ બીજાં બધાંથી જુદું પડે છે?

(ક) હાથ (ખ) હૃદય (ગ) પગ (ઘ) આંખ (ચ) કાન

૧૯. જો એક ખુરસી ૪૫ રૂપિયામાં વેચતાં ૭ રૂપિયા નફો થતો હોય, તો તે જ ખુરસી ૩૫ રૂપિયામાં વેચતાં કેટલો નફો મળે કે ખોટ જાય?

(ક) ૩ રૂપિયા ખોટ (ખ) ૩ રૂપિયા નફો (ગ) ૧૦ રૂપિયા ખોટ (ઘ) નફો કે ખોટ કંઈ નહિ.

૨૦. એક માણસ કોઠાંના ઝાડ નીચે બેઠો હતો. તેવામાં ઝાડ ઉપરથી કોઠું પડતાં તેના માથામાં વાગ્યું. તેને વિચાર આવ્યો, "સારું છે કે હું કોઠાંના ઝાડ નીચે બેઠો છું. જો તડબૂચના ઝાડ નીચે બેઠો હોત તો હું અત્યારે લોહીલુહાણ થઈ ગયો હોત." આ માણસ.........

(ક) મૂર્ખ હતો, કેમ કે પાકું તડબૂચ ઝાડ ઉપરથી પડતાં માથું ન ફૂટે પણ તડબૂચ જ ફાટી જાય.

(ખ) ડાહ્યો હતો કે તે તડબૂચના ઝાડ નીચે નહોતો બેઠો.

(ગ) ડાહ્યો હતો, કેમ કે તેને સારો વિચાર આવ્યો.

(ઘ) મૂર્ખ હતો, કેમ કે તડબૂચ વેલા ઉપર ઊગે છે.

૨૧. **વચન** અને **ચરણ** શબ્દોમાં કયો અક્ષર સામાન્ય છે?

(ક) ચ (ખ) વ (ગ) ન (ઘ) ણ

૨૨. **સુગંધથી** ઊલટું શું?

(ક) અગરબત્તી (ખ) ઉકરડો (ગ) ગંધરહિત (ઘ) દુર્ગંધ

૨૩. શિંગડાં હોય ઘોડાને અણીદાર છે–આ શબ્દો યોગ્ય રીતે ગોઠવતાં જે વાક્ય બને તેનો અર્થ સાચો છે?

(ક) હા (ખ) ના (ગ) હશે.

૨૪. છરો, તલવાર, બંદૂક—એમના વર્ગનો શબ્દ નીચેનામાંથી કયો છે?

(ક) એરણ (ખ) હથોડો (ગ) કાતર (ઘ) ભાલો

૨૫. (૧) પીળું તેટલું સોનું નહિ.

(૨) ઊજળું તેટલું દૂધ નહિ.

(૩) જેની આંખે કમળો તે બધું જ પીળું જુએ.

ઉપરની કહેવતોમાં કઈ કઈ કહેવતોના અર્થ સરખા છે?

(ક) ત્રણેના (ખ) ૧ અને ૨ ના (ગ) ૨ અને ૩ ના (ઘ) ૧ અને ૩ ના (ચ) બધીના અર્થ જુદા છે.

૨૬. નીચેના ક્રમમાં હવે પછી શું આવશે?

૨, ૪, ૮, ૧૬

(ક) ૨૪ (ખ) ૨૦ (ગ) ૩૨ (ઘ) ૧૮

૨૭. **મોટર** અને **પેટ્રોલ** વચ્ચે જેવો સંબંધ છે તેવો જ સંબંધ **આગગાડી** અને કોની વચ્ચે હશે?

(ક) ડબ્બા (ખ) ટિકિટ (ગ) એન્જિન (ઘ) કોલસા

૨૮. નીચેનાંમાંથી કોણ બીજાં બધાંથી જુદું પડે છે?

(ક) પૂના (ખ) અમદાવાદ (ગ) કોલંબો (ઘ) નાગપુર (ચ) મુંબઈ

૨૯. એક ફેબ્રુઆરી માસની પહેલી તારીખે રવિવાર છે. છાપાનો ભાવ રોજના ૧૦ પૈસા છે અને રવિવારના છાપાના ૧૫ પૈસા છે. જો એ વર્ષ લીપ ઈયર ન હોય તો તે માસનું બિલ ભરવા મેં પાંચ રૂપિયાની નોટ આપી તો મને પાછું શું મળશે?

(ક) ૨ રૂ. (ખ) ૨ રૂ. ૫ પૈ. (ગ) ૧ રૂ. ૯૫ પૈ. (ઘ) ૩ રૂ.

૩૦. તાર કરતાં ટેલિફોન વધુ ઉપયોગી છે, કેમ કે ........

(ક) તેનાથી ઘણે દૂર સુધી સંદેશા પહોંચાડી શકાય છે.

(ખ) તે વધુ આધુનિક શોધ છે.

(ગ) તેનાથી સામસામી વાત કરી શકાય છે.

(ઘ) તેનાથી ગુપ્ત સંદેશા મોકલી શકાય છે.

૩૧. **વનમહોત્સવ** શબ્દના અક્ષરોમાંથી નીચેનામાંથી કયો શબ્દ બની શકશે ?

(ક) વમન (ખ) મનોહર (ગ) માનવ (ઘ) વત્સલ

૩૨. જન્મથી ઊલટું શું ?

(ક) યૌવન (ખ) ઘડપણ (ગ) દુઃખ (ઘ) મરણ

૩૩. હોળી છે દિવાળીને દિવસે લોકો ચેતાવે–આ શબ્દોને યોગ્ય રીતે ગોઠવતાં બનતા વાક્યનો અર્થ સાચો છે ?

(ક) હા (ખ) ના (ગ) હશે

૩૪. લોહી, હાડકાં, ચામડી—એમના વર્ગનો શબ્દ નીચેનામાંથી કયો છે ?

(ક) પથ્થર (ખ) રેશમ (ગ) જોડા (ઘ) માંસ

૩૫. (૧) ટકાની ડોસી અને ઢબુ મુંડામણ.

(૨) સોના કરતાં ઘડામણ મોંઘું.

(૩) પીળું તેટલું સોનું નહિ.

ઉપરની કહેવતોમાંથી કોના કોના અર્થ સરખા છે ?

(ક) ત્રણેના (ખ) ૧ અને ૨ ના (ગ) ૨ અને ૩ ના (ઘ) ૧ અને ૩ ના (ચ) બધીના અર્થ જુદા છે.

૩૬. નીચેના ક્રમમાં હવે પછી કઈ સંખ્યા આવશે ?

૧૫, ૨૫, ૩૫, ૪૫

(ક) ૫૦ (ખ) ૬૦ (ગ) ૫૫ (ઘ) ૪૦

૩૭. **પ્રાણી** અને પગ વચ્ચે જેવો સંબંધ છે તેવો જ સંબંધ **ગાડી** અને કોની વચ્ચે હશે ?

(ક) પૈડાં (ખ) ઘોડો (ગ) બેઠક (ઘ) ઊતારુ

૩૮. નીચેનાંમાંથી કોણ બીજાં બધાંથી જુદું પડે છે ?

(ક) વાલ (ખ) વટાણા (ગ) તુવેર (ઘ) બાજરી (ચ) અડદ

૩૯. એક માણસને કુલ પાંચ છોકરાં છે, જેમની ઉંમરમાં બબ્બે વર્ષનો તફાવત છે, સૌથી નાનો છોકરો આજે બે વર્ષનો છે. જો બધા છોકરાઓની ઉમરનો સરવાળો આજે ૩૦ વર્ષ હોય તો ચાર વર્ષ પહેલાં તેમની ઉંમરનો સરવાળો કેટલો હશે ?

(ક) ૧૦ વર્ષ (ખ) ૧૨ વર્ષ (ગ) ૮ વર્ષ (ઘ) ૨૬ વર્ષ

૪૦. વાહન રસ્તાની ડાબી બાજુ પર હાંકવું જોઈએ, કેમ કે...............

(ક) ડાબી બાજુએ રસ્તો સારો હોય છે.

(ખ) ડાબી બાજુએ રાહદારીઓ ચાલતા હોતા નથી એટલે અકસ્માત ન થાય.

(ગ) ડાબી બાજુએ વાહન ઝડપથી ચાલે છે.

(ઘ) સામસામી દિશામાંથી આવતાં વાહનોનો માર્ગ એથી જુદો રહે છે.

૪૧. **અવતરણ** શબ્દના અક્ષરોમાંથી નીચેનામાંથી કયો શબ્દ બની શકશે ?

(ક) વતન (ખ) રમણ (ગ) અવતાર (ઘ) અવર

૪૨. **મોંઘું**થી ઊલટું શું ?

(ક) સોઘું (ખ) ઓછું (ગ) ઘણું (ઘ) સોંઘવારી

૪૩. બોલવું છે સત્ય મોટા એ દુર્ગુણ–આ શબ્દોને યોગ્ય રીતે ગોઠવતાં બનતા વાક્યનો **અર્થ** સાચો છે ?

(ક) હા (ખ) ના (ગ) હશે

૪૪. શાળા, કોલેજ, બાલમંદિર, એ ત્રણેમાં નીચેનાંમાંથી શાના વિના ન જ ચાલે ?

(ક) વિદ્યાર્થી (ખ) પટાવાળા (ગ) ઘંટ (ઘ) પરીક્ષા

૪૫. (૧) અક્કરમીના પડિયા કાણા.

(૨) સક્કરમીની જીભ અને અક્કરમીના ટાંટિયા.

(૩) જ્યાં જાય ઊકો ત્યાં થાય સૂકો.

ઉપરની કહેવતોમાંથી કોના કોના **અર્થ સરખા** છે ?

(ક) ત્રણેના (ખ) ૧ અને ૨ ના (ગ) ૨ અને ૩ ના (ઘ) ૧ અને ૩ ના (ચ) બધીના અર્થ જુદા છે.

૪૬. નીચેની સંખ્યાઓ અમુક ક્રમમાં હોવા માટે ખાલી જગ્યામાં શું હોવું જોઈએ ?

૩, —, ૧૮, ૭૨

(ક) ૯ (ખ) ૬ (ગ) ૧૨ (ઘ) ૧૦

૪૭. **માણસ** અને **ગામ** વચ્ચે જેવો સંબંધ છે તેવો જ સંબંધ કોની અને **વાઘ**ની વચ્ચે હશે ?

(ક) વાઘણ (ખ) સિંહ (ગ) જંગલ (ઘ) ચટાપટા

૪૮. નીચેનાંમાંથી કોણ બીજાં બધાંથી જુદું પડે છે ?

(ક) તુરિયાં (ખ) દૂધી (ગ) રીંગણાં (ઘ) ભીંડા (ચ) ગાજર

૪૯. આજે માબાપની ભેગી ઉમર ૧૦ વર્ષના પુત્રની ઉંમરથી ૭ ગણી છે. ૧૦ વર્ષ પછીથી માબાપની ભેગી ઉંમર તે પુત્રની ઉંમરથી કેટલા ગણી હશે ?

(ક) સાડાત્રણ ગણી (ખ) ત્રણ ગણી (ગ) ચાર ગણી (ઘ) બમણી

૫૦. જંગલમાંથી એક સિંહનું મુડદું મળી આવ્યું. તેને કોઈ જગ્યાએથી લોહી નીકળેલું ન હતું. તે સિંહ કેવી રીતે મૃત્યુ પામ્યો હશે ?

(ક) તેણે ઝેરી વનસ્પતિ ખાધી હશે.

(ખ) કોઈ શિકારીએ તેને મારી નાખ્યો હશે.

(ગ) તે અતિ ઘરડો થઈ મૃત્યુ પામ્યો હશે.

(ઘ) સિંહણે તેને મારી નાખ્યો હશે.

૫૧. ઉંદર, માખી, નોળિયો, કૂતરો, બિલાડી–એમને કદના ક્રમમાં ગોઠવીએ તો બરાબર વચ્ચે શું આવે ?

(ક) ઉંદર (ખ) માખી (ગ) નોળિયો (ઘ) બિલાડી

૫૨. **સખતથી** ઊલટું શું ?

(ક) નરમ (ખ) દુઃખદ (ગ) વખત (ઘ) પ્રખર

૫૩. મધમાખીના બનાવવામાં મધમાંથી છે ખાંડ આવે–આ શબ્દોને યોગ્ય રીતે ગોઠવતાં બનતા વાક્યનો અર્થ સાચો છે ?

(ક) હા (ખ) ના (ગ) હશે

૫૪. બટાટા, રતાળુ, આદુ–એમના વર્ગનો શબ્દ નીચેનામાંથી કયો છે ?

(ક) સૂરણ (ખ) રીંગણાં (ગ) દૂધી (ઘ) માટી

૫૫. (૧) ખાળે ડૂચા ને દરવાજા ઉઘાડા.

(૨) પૈસાને પકડી રાખે ને રૂપિયાને જતો કરે.

(૩) પૈસો મારો પરમેશ્વર ને બૈરી મારો ગુરુ.

ઉપરની કહેવતોમાંથી કોના કોના અર્થ સરખા છે ?

(ક) ત્રણેના (ખ) ૧ અને ૨ ના (ગ) ૨ અને ૩ ના (ઘ) ૧ અને ૩ ના (ચ) બધીના અર્થ જુદા છે.

૫૬. નીચેના ક્રમમાં હવે પછી શું આવશે ?

૩, ૫, ૮, ૧૨, ૧૭

(ક) ૨૩ (ખ) ૨૨ (ગ) ૧૯ (ઘ) ૨૦

૫૭. **સ્વાદ** અને **જીભ** વચ્ચે જેવો સંબંધ છે તેવો જ સંબંધ **વાસ** અને કોની વચ્ચે હશે ?

(ક) વાસના (ખ) દુર્ગંધ (ગ) ફૂલ (ઘ) નાક

૫૮. નીચેનામાંથી કોણ બીજાં બધાંથી જુદું પડે છે ?

(ક) તપેલી (ખ) કૂજો (ગ) માટલી (ઘ) ઈંટ (ચ) નળિયું

૫૯. એક તાર ૧૦૦ મીટર લાંબો છે. તેના બબ્બે મીટરના ટૂકડા કરવા તે તારને કેટલી વખત કાપવો પડશે ?

(ક) ૧૦૦ વાર (ખ) ૫૦ વાર (ગ) ૪૯ વાર (ઘ) ૫૧ વાર

૬૦. દુકાનની ચોકી કરનાર ચોકીદારે સવારે જઈને શેઠને કહ્યું કે મને આજે રાત્રે સ્વપ્ન આવ્યું કે દુકાનની પાછળના ભાગમાં આપ ખોદશો તો ધનનો ચરુ નીકળશે. શેઠે ચોકીદારને નોકરીમાંથી કાઢી મૂક્યો, કેમ કે..........

(ક) આવાં સ્વપ્ન અપશુકનિયાળ નીકળે છે.

(ખ) જ્યારે શેઠ ખાડો ખોદી ચરુ કાઢે ત્યારે ચોકીદાર અડધો ભાગ માંગે.

(ગ) એવાં સ્વપ્ન સાચાં ન પડે અને ખોદવાનો નકામો ખર્ચ થાય.

(ઘ) ચોકીદારે પોતાની ફરજ બરાબર બજાવી ન હતી.

૬૧. આ વાક્યના છેલ્લા શબ્દનો પહેલો અક્ષર બતાવો.

(ક) આ (ખ) અ (ગ) વો (ઘ) બ

૬૨. **બાંધવું** થી ઊલટું શું ?

(ક) છૂટવું (ખ) બંધન (ગ) છોડવું (ઘ) રાંધવું

૬૩. બદલે સૂંઢ હાથીને છે નાકને હોય–આ શબ્દો યોગ્ય રીતે ગોઠવતાં બનતા વાક્યનો અર્થ સાચો છે ?

(ક) હા (ખ) ના (ગ) હશે

૬૪. પોપટ, ચકલી, સમડી–એ ત્રણેને નીચેનામાંથી શું ન હોય તો ન જ ચાલે ?

(ક) માળો (ખ) બચ્ચાં (ગ) દાણા (ઘ) પાંખ

૬૫. (૧) કૂવામાં હોય તેવું હવાડામાં આવે.

(૨) અન્ન તેવા ઓડકાર.

(૩) હૈયે તેવું હોઠે.

ઉપરની કહેવતોમાં કોના કોના અર્થ સરખા છે ?

(ક) ત્રણેના (ખ) ૧ અને ૨ ના (ગ) ૨ અને ૩ ના (ઘ) ૧ અને ૩ ના (ચ) બધીના અર્થ જુદા છે.

૬૬. નીચેની સંખ્યાઓ અમુક ક્રમમાં હોવા માટે ખાલી જગ્યામાં શું હોવું જોઈએ ?

૧૮, —, ૨૩, ૨૭

(ક) ૧૯ (ખ) ૨૦ (ગ) ૨૧ (ઘ) ૨૨

૬૭. **રંગ** અને **રંગવું** વચ્ચે જેવો સંબંધ છે, તેવો જ સંબંધ કોની અને **ધોળવું** વચ્ચે હશે ?

(ક) ચૂનો (ખ) ભીંત (ગ) પરીક્ષા (ઘ) સફેદ

૬૮. નીચેનાંમાંથી કોણ બીજાં બધાંથી જુદું પડે છે ?

(ક) ફ્રોક (ખ) ધોતિયું (ગ) કબજો (ઘ) ઘાઘરો (ચ) સાડી

૬૯. આજે બાપની ઉંમર પુત્રની ઉંમરથી બમણી છે. જો બાપ આજે ૪૦ વર્ષનો હોય તો બાપની ઉંમર બમણી થાય ત્યારે તે તેના પુત્રથી કેટલો મોટો હશે ?

(ક) બમણો (ખ) ચાર ગણો (ગ) ૨૦ વર્ષે (ઘ) ૪૦ વર્ષે

૭૦. તમે કોની માના બાપના દીકરા છો ?

(ક) મારી (ખ) મારી બહેનની (ગ) મારા ભાણેજની (ઘ) મારા ભત્રીજાની

૭૧. **મરણ, વચન, ચમન**—આમાંના એક શબ્દના બધા અક્ષરો બીજા બે શબ્દના અક્ષરોમાં આવી જાય છે. તે શબ્દનો વચલો અક્ષર શો છે?

(ક) મ (ખ) ન (ગ) ર (ઘ) ચ

૭૨. **નથી**થી ઊલટું શું?

(ક) હા (ખ) છે (ગ) નહિ (ઘ) હાથી

૭૩. ભૂંકે છે અવાજે ઘણા ગધેડો કર્કશ—આ શબ્દોને યોગ્ય રીતે ગોઠવતાં બનતા વાક્યનો અર્થ સાચો છે?

(ક) હા (ખ) ના (ગ) હશે

૭૪. લીલો, પીળો, વાદળી—એમના વર્ગનો શબ્દ નીચેનામાંથી કયો છે?

(ક) રંગ (ખ) આકાશ (ગ) લાલ (ઘ) ઘાસ

૭૫. (૧) દૂધના દૂધમાં અને પાણીના પાણીમાં.

(૨) ચોરની મા કોઠીમાં મોં ઘાલીને રડે.

(૩) ચોરનો ભાઈ ઘંટીચોર.

ઉપરની કહેવતોમાં કોના કોના અર્થ સરખા છે?

(ક) ત્રણેના (ખ) ૧ અને ૨ ના (ગ) ૨ અને ૩ ના (ઘ) ૧ અને ૩ ના (ચ) બધીના અર્થ જુદા છે.

૭૬. નીચેના ક્રમમાં હવે પછી શું આવશે?

૮, ૧૫, ૨૦, ૨૩

(ક) ૨૬ (ખ) ૨૪ (ગ) ૨૫ (ઘ) ૨૧

૭૭. **પિત્તળ** અને **સોના** વચ્ચે જેવો સંબંધ છે તેવો જ સંબંધ કોની અને **ચાંદી**ની વચ્ચે હશે?

(ક) કલાઈ (ખ) સાંકળાં (ગ) રૂપિયો (ઘ) તાંબું

૭૮. નીચેનાંમાંથી કોણ બીજાં બધાંથી જુદું પડે છે?

(ક) નરગીસ (ખ) લતા (ગ) ઋતા (ઘ) વીણા (ચ) જ્યોતિ

૭૯. હું એક સીડીને છેક નીચેને પગથિયે ઊભો છું. સીડીના બરાબર વચલા પગથિયા સુધી પહોંચવા હવે બીજાં ચાર પગથિયાં ચઢવાં પડે, તો સીડીમાં કુલ કેટલાં પગથિયાં હશે?

(ક) ૧૦ (ખ) ૮ (ગ) ૯ (ઘ) ૧૧

૮૦. હું એક સાંજે મેઘધનુષ્ય જોતો હતો. તે સમયે મારા ડાબા હાથ તરફથી એક મોટર આવી જમણા હાથ તરફ ચાલી ગઈ. તે મોટર કઈ દિશામાં ગઈ હશે?

(ક) ઉત્તર (ખ) દક્ષિણ (ગ) પૂર્વ (ઘ) પશ્ચિમ

૮૧. આ વાક્યના બરાબર વચલા શબ્દના વચલા અક્ષર પછી કયો અક્ષર છે?

(ક) વ (ખ) ચ (ગ) લા (ઘ) અ

૮૨. **વિનયથી** ઊલટું શું?

(ક) સવિનય (ખ) પ્રણય (ગ) વિનયન (ઘ) અવિનય

૮૩. છે ચોપગું પક્ષી પ્રાણી નીચે પાણીની રહેનારું—આ શબ્દો યોગ્ય રીતે ગોઠવતાં બનતા વાક્યનો અર્થ સાચો છે?

(ક) હા (ખ) ના (ગ) હશે

૮૪. દેડકું, બળદ, કબૂતર—એમના વર્ગનો શબ્દ નીચેનામાંથી કયો છે?

(ક) છોડ (ખ) રમકડાં (ગ) સાપ (ઘ) હાડકાં

૮૫. (૧) બાખરાની ખિસકોલી સાકરનો સ્વાદ શું જાણે?

(૨) અક્કલ બડી કે ભેંસ?

(૩) ભેંસ આગળ ભાગવત.

ઉપરની કહેવતોમાંથી કોના કોના અર્થ સરખા છે?

(ક) ત્રણેના (ખ) ૧ અને ૨ ના (ગ) ૨ અને ૩ ના (ઘ) ૧ અને ૩ ના (ચ) બધાના અર્થ જુદા છે.

૮૬. નીચેની સંખ્યાઓ અમુક ક્રમમાં હોવા માટે ખાલી જગ્યામાં શું હોવું જોઈએ?

૯૦, ૮૦, ——, ૪૫

(ક) ૭૦ (ખ) ૬૦ (ગ) ૫૦ (ઘ) ૬૫

૮૭. **મામા** અને **કાકા** વચ્ચે જેવો સંબંધ છે તેવો જ સંબંધ કોની અને **ફુઆ**ની વચ્ચે હશે?

(ક) ફોઈ (ખ) માસા (ગ) બાપ (ઘ) મા

૮૮. નીચેનાંમાંથી કોણ બીજાં બધાંથી જુદું પડે છે?

(ક) દિલ્હી (ખ) આંધ્ર (ગ) કલકત્તા (ઘ) ચંદીગઢ (ચ) અમદાવાદ

૮૯. ૧ રૂપિયે ડઝન નારંગી લેવાને બદલે ૨૦ પૈસાની ૩ લેખે ૨ ડઝન નારંગી લેતાં કેટલો ફાયદો થાય?

(ક) ૨૦ પૈસા (ખ) ૪૦ પૈસા (ગ) ૬૦ પૈસા (ઘ) ૫૦ પૈસા

૯૦. જ્યોતિ, પૂર્ણિમા, દીપા, માલતી અને જયશ્રી, એ પાંચ બહેનપણીઓ ફોટો પડાવવા બેઠી. દીપા અને માલતી છેડા ઉપર બેઠાં, જ્યોતિ દીપાની પાસે બેઠી અને જયશ્રી જ્યોતિની પાસે બેઠી. તો વચ્ચોવચ કોણ બેઠું હશે?

(ક) પૂર્ણિમા (ખ) માલતી (ગ) જયશ્રી (ઘ) જ્યોતિ

૯૧. કારકૂન, રાષ્ટ્રપતિ, પ્રધાન, પટાવાળો, કલેક્ટર—એમાંથી કોનો પગાર એમાંના બીજા કોઈના કરતાં વધારે નહિ હોય?

(ક) કારકૂનનો (ખ) રાષ્ટ્રપતિનો (ગ) પટાવાળાનો (ઘ) કલેક્ટરનો

૯૨. **વફાદારીથી** ઊલટું શું?

(ક) નેકી (ખ) બેવફાઈ (ગ) બેવકૂફી (ઘ) હવાલદારી

૯૩. કોઈ પણ માણસના બે ચહેરા નથી હોતા સરખા તદ્દન—આ શબ્દોને યોગ્ય રીતે ગોઠવતાં બનતા વાક્યનો અર્થ સાચો છે?

(ક) હા (ખ) ના (ગ) હશે

૯૪. દૈનિક પત્ર, અઠવાડિક પત્ર, માસિક પત્ર—એ ત્રણેમાં નીચેનામાંથી શાના વિના ન જ ચાલે?

(ક) સમાચાર (ખ) લેખ (ગ) ચિત્ર (ઘ) પાનાં

૯૫. (૧) ન બોલ્યામાં નવ ગુણ.

(૨) એક નન્નો સો દુઃખ હરે.

(૩) બોલે તેનાં બોર વેચાય.

ઉપરની કહેવતોમાં કોના કોના અર્થ સરખા છે?

(ક) ત્રણેના (ખ) ૧ અને ૨ ના (ગ) ૨ અને ૩ ના (ઘ) ૧ અને ૩ ના (ચ) બધીના અર્થ જુદા છે.

૯૬. નીચેની સંખ્યાઓ અમુક ક્રમમાં હોવા માટે ખાલી જગ્યામાં શું હોવું જોઈએ?

—, ૨૫, ૩૦, ૩૭

(ક) ૨૦ (ખ) ૨૧ (ગ) ૨૨ (ઘ) ૧૭

૯૭. **શાંતિ** અને **વિકાસ** વચ્ચે જેવો સંબંધ છે તેવો જ સંબંધ કોની અને **વિનાશ**ની વચ્ચે હશે?

(ક) અવિનાશ (ખ) નાશ (ગ) ખેતી (ઘ) યુદ્ધ

૯૮. નીચેનાંમાંથી કોણ બીજાં બધાંથી જુદું પડે છે?

(ક) તંબૂરો (ખ) સિતાર (ગ) તબલાં (ઘ) દિલરુબા (ચ) સારંગી

૯૯. ૫ ટકા નફાથી વેચવાને બદલે એક કબાટ ૫ ટકા ખોટથી વેચતાં મને ૧૦ રૂપિયા ઓછા મળ્યા. તો તે કબાટની મૂળ કિંમત કેટલી હશે?

(ક) ૫૦ રૂ. (ખ) ૧૦૦ રૂ. (ગ) ૯૫ રૂ. (ઘ) ૧૦૫ રૂ.

૧૦૦. કરણ પાસે અંશુમાન કરતાં વધુ પૈસા છે, પણ અજય પાસે છે તેટલા બધા નથી; તો કોની પાસે સૌથી વધુ પૈસા હશે?

(ક) અજય પાસે (ખ) કરણ પાસે (ગ) અંશુમાન પાસે (ઘ) ચોક્કસ કહી ન શકાય.

૧૦૧. કેટલાંક, બધાં, કોઈ નહિ, ઘણાં, થોડાં—એમને ક્રમમાં ગોઠવતાં બરાબર વચ્ચે શું આવે?

(ક) કેટલાંક (ખ) બધાં (ગ) ઘણાં (ઘ) થોડાં

૧૦૨. બેસવુંથી ઊલટું શું?

(ક) ઊંઘવું (ખ) ઊભા રહેવું (ગ) ઊઠવું (ઘ) જવું

૧૦૩. તે ઊંઘ છે માણસને જરાયે તંદુરસ્ત રહે આવે ન ત્યારે—આ શબ્દો ગોઠવતાં બનતા વાક્યનો અર્થ સાચો છે?

(ક) હા (ખ) ના (ગ) હશે

૧૦૪. ઝૂંપડી, મકાન, હવેલી—એ ત્રણેને નીચેનામાંથી શું ન હોય તો ન જ ચાલે?

(ક) બારી (ખ) કબાટ (ગ) પગથિયાં (ઘ) છાપરું

૧૦૫. (૧) પારકી મા જ કાન વીંધે.

(૨) પારકે ભાણે લાડવો મોટો.

(૩) પારકી આશા સદા નિરાશ.

ઉપરની કહેવતોમાંથી કોના કોના અર્થ સરખા છે?

(ક) ત્રણેના (ખ) ૧ અને ૨ ના (ગ) ૨ અને ૩ ના (ઘ) ૧ અને ૩ ના (ચ) બધીના અર્થ જુદા છે.

૧૦૬. નીચેના ક્રમમાં હવે પછી શું આવશે?

૧, ૨, ૬, ૨૪

(ક) ૪૮ (ખ) ૭૨ (ગ) ૧૨૦ (ઘ) ૯૬

૧૦૭. **ગાવું** અને **બજાવવું** વચ્ચે જેવો સંબંધ છે તેવો જ સબંધ **ખાવું** અને કોની વચ્ચે હશે?

(ક) પીવું (ખ) ખોરાક (ગ) પચાવવું (ઘ) પાણી

૧૦૮. નીચેનામાંથી કોણ કોણ બીજા બધાથી જુદા પડે છે?

(ક) માળી (ખ) ટપાલી (ગ) બેલિફ (ઘ) પોલીસ (ચ) હવાલદાર

૧૦૯. ક્રિકેટની એક ટીમ કુલ ૨૦ મેચ રમી તે પૈકી હાર્યા કરતાં જો તે ૪ મેચ વધુ જીતી હોય, તો તે કેટલી મેચ જીતી હશે?

(ક) ૧૦ (ખ) ૧૨ (ગ) ૮ (ઘ) ૧૬

૧૧૦. એક કિલોગ્રામ લોખંડ અને એક કિલોગ્રામ લાકડામાં કોણ વધુ ભારે હશે?

(ક) લોખંડ (ખ) લાકડું (ગ) કોઈ નહિ (ઘ) ચોક્કસ કહી શકાય નહિ.

# કૉપીરાઈટ

આ પુસ્તિકામાંની વસ્તુ કૉપીરાઈટના કાયદા અનુસાર સુરક્ષિત રાખવામાં આવી છે. આ પુસ્તિકાને છપાવવી, સાઇક્લોસ્ટાઈલ કે ડુપ્લીકેટ કરી તેની નકલ કાઢવી, વગેરે કૉપીરાઈટનો ભંગ લેખાશે. એમાંની વસ્તુનો બીજો ઉપયોગ કરવા કે તેનું ભાષાંતર કરવા પરવાનગી લેવી આવશ્યક છે.

આ પુસ્તિકાઓ માત્ર સંશોધન કરનારને, માર્ગદર્શન કાર્યકર્તાઓને તથા શાળા–કૉલેજોના આચાર્યોને ૫૦ કે તેથી વધુ જથ્થામાં જ મળી શકશે. છૂટક નકલ આપવામાં આવશે નહિ.



તૃતીય સંસ્કરણ : ૧૯૭૨
પ્રત : ૧૦,૦૦૦


કિંમત ૪૦ પૈસા
અલગ ઉત્તરપત્રની કિંમત ૫ પૈસા
સૂચનાપત્રની કિંમત ૫૦ પૈસા


: પ્રાપ્તિસ્થાન :
અંશુમાન કૃષ્ણકાન્ત દેસાઈ
૨૩ હિન્દુ કૉલોની, નવરંગપુરા
અમદાવાદ–૯

ચંદ્રિકા પ્રિન્ટરી : મિરઝાપુર રોડ, અમદાવાદ